૨૭/૫૯

# દૂબળાનાં લોકગીતો

ડૉ. ઠા. ભા. નાયક



ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર પ્રકાશનમાળા-પુ. ૧૨

# દૂબળાનાં લોકગીતો

ડૉ. ઠા. ભા. નાયક

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦૦૧૪

પ્રકાશક
**રામલાલ ડાહ્યાભાઈ પરીખ**
વ્યવસ્થાપક ટ્રસ્ટી
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ–૩૮૦૦૧૪

મુદ્રક
**શાન્તિલાલ હરજીવન શાહ**
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ,

પહેલી આવૃત્તિ : પ્રત ૧૦૦૦

કિંમત : રૂપિયા સાડા ચાર

સપ્ટેંબર, ૧૯૭૯

## પ્રસ્તાવના

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આદિવાસીઓની સંસ્કૃતિ તેમ જ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સમસ્યાઓ પર સારું એવું ઉપયોગી સંશોધન થાય છે, આદિવાસી લોકસાહિત્ય પણ આદિવાસી લોકજીવનનું એક અગત્યનું પાસું છે. કેન્દ્ર દ્વારા આદિવાસી લોકસાહિત્યના સંચયનાં થનારાં પ્રકાશનોમાં ડૉ. નાયકનો આ પ્રયાસ પ્રથમ જ છે. તેમણે સંચિત કરેલાં (દૂબળા) હળપતિ જાતિનાં આ ગીતો, સમગ્ર ગુજરાતમાં વસ્તીના ધોરણે બીજા ક્રમમાં આવતી આ મહત્ત્વની આદિવાસી જાતિના સાંસ્કૃતિક જીવનનાં કેટલાંક પાસાં પર પ્રકાશ પાથરવામાં સહાયભૂત થશે તેવી આશા છે.

**ડાહ્યાભાઈ નાયક**
કુલનાયક

# દૂબળાનાં લોકગીતો

[ગુજરાતની ઘણીખરી આદિવાસી જાતિઓનું પોતપોતાની બોલીમાં પોતાનું આગવું લોકસાહિત્ય છે. આ લોકસાહિત્યનો પણ 'આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર પ્રકાશનમાળા દ્વારા પરિચય કરાવવાનો ખ્યાલ છે. અને તેનો પ્રારંભ એક આદિવાસી જાતિ દૂબળા–હળપતિનાં ગીતોથી કરીએ છીએ.

સાંસ્કૃતિક સંપર્ક અને શિક્ષણ પ્રસારની સાથે આદિવાસી લોકસાહિત્યનાં લોકકથા, લોકગીતો, ઉખાણાં, કહેવતો વ. લોકસાહિત્ય પ્રકારોમાં ગુજરાતીકરણની સૌથી વિશેષ અસર લોકગીતો પર પડી છે એવું આ કેન્દ્રના એક સંશોધનનું તારણ છે. (ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનું વિહંગાવલોકન –ડૉ. સિદ્ધરાજ સોલંકી, આદિવાસી સંશોધન અને તાલીમકેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૭૭, પૃ. ૯) આ તારણને દૂબળા લોકગીતોનું વિહંગાવલોકન કરતાં પણ પુષ્ટિ મળતી જણાય છે. જાણે કોઈ ગુજરાતી હિંદુજ્ઞાતિનાં જ લોકગીતો ન વાંચતા હોઈએ તેવો ભાવ અન્ય આદિવાસી જાતિઓની તુલનામાં સવિશેષ સાંસ્કૃતિક સંપર્ક હેઠળ આવેલી આ જાતિનાં લોકગીતો જોતાં થાય છે. –સંપાદક ]

૧

ચાંદલિયો રે, નદીમાંનાં નીર તારો રે ક્યારે ઊગશે?
ચાંદલિયો રે પાછલી રાતના ઊગશે મોતી રે સરખો ઝૂલશે
ભાણીવોવ[1] રે તમારા નાથ રે ક્યારે આવશે?
ગયા છે રે સપાયોની સાથ સપાયગીરી લઈને આવશે
લાવશે રે મોગરિયાનાં[2] ફૂલ ભાણીવોવ ગજરા ગૂંથશે

[૧. અને ૨. બદલાયા કરે છે.]

૨

કાળી રે કોયલ વનમાં બોલે મારે જવું કોયલને પેઠ.
વીરા રે, કઈ કોયલની પેઠ કાળી રે કોયલ વનમાં બોલે.
હું તો નામો ન જાણું ને ગામો ના જાણું
વીરા રે વીજલપોર[1] છે ગામ ને મણીબે'ન[2] છે નામ. કાળી રે કોયલ વનની

[૧. અને ૨. બદલાયા કરે છે.]

૩

બે'ની રે તમો જાગો છો કે ઊંઘો? બારણે આવ્યો ભાઈનો વરઘોડો
વીરા રે તમે કોણુસ બાપના બેટા, કઈ માના ઉછેર્યા
વીરા રે તમે નાના સરખા ઊતા વીરા રે કેડ કંદોરો
વીરા રે તમે મોરાર[1] બાપના બેટા ભૂલી[2] માયના ઉછેર્યા
બે'ની રે તમે જાગો છો કે ઊંઘો? બારણે આવ્યો ભાઈ ની ઓળખો.

[૧. અને ર. બદલાય છે.]

૪

છખિ, અમુ ઘેર ભણભુંજી ભલે આયવા
પીળાં પીતાંબર પોતિયાં લૂગડાં ઉપર માંડ ચઢાવો
સેવ સુંવાળી ને લાપસી ભોજન ઉપર માંડ ચઢાવો
સાગ છીસમના ઢોલિયા ઢોલિયા ઉપર માંડ ચઢાવો
લવંગ સોપારી ને એલચી મુદા ઉપર માંડ ચઢાવો
સરખા ગામના દોરિયા ગોઠણ ઉપર માંડ ચઢાવો.

૫

સાંજ પડે ને મારે ઘેર આવે કુંભારી
કુંભાર આવે ને રૂડી વરઘ રે લાવે
સોંઘા હોય તો જોઈને લેજો
મૂલવીને લેજો
ગોરીનાં ઘી ને મધ તો મીઠેરાં લાગે
સાંજ પડે ને મારે ઘેર આવે દરજીડો
દરજીડો આવે ને રૂડા જામા રે લાવે
સોંઘા હોય તો જોઈને લેજો
મૂલવીને લેજો

૬

મારે રે માંડવે સૌ લોક આવે
સૌ લોક આવે
નહીં રે આવે નાથિયો
મારે રે માંડવે સૌ લોક આવે.

૭

મારે રે માંડવે ઘુઘરિયાળી વીંટી ઘુઘરિયાળી વીંટી
એ રે વીંટી કયા ભાઈને હાથે ઘુઘરિયાળી વીંટી
એ રે વીંટી લલ્લુભાઈને હાથે ઘુઘરિયાળી વીંટી
મારે રે માંડવે ઘુઘરિયાળી વીંટી ઘુઘરિયાળી વીંટી



૮

સાંકડી રે શેરીમાં મળીઓ મેતાજી વા'લા
કાગળિયાં વાંચતેલો જારે વા'લા
સાસુનું બોયલું વા'લા, સસરાનું બોયલું વા'લા
મારું કાંઈ નહિ બોયલું રે શામળિયા વા'લા
દિયરનું બોયલું, દેરાણીનું બોયલું
મારું કાંય નહીં બોયલું રે
દરિયાની પૂરે વાંચતા રે જાઓ, શામળિયા વા'લા
આવતી ને જતી મળિયામાં રોતી
કૂવાની પોરે વાટ જોતી રે શામળિયા વા'લા

[ફરી ફરીને]

૯

લાડી દોસ્તી વીરો મુંબઈ કમાઈલો
સાંકળાં લાવ્યા પેરે તો પેર નહીં તો મારો
વીરો મોગરાની કળીઓ ઊભો
મુંબઈની પોં'ચી લાવ્યા, પેરે તો પે'ર નહિ તો મારો
વીરો મોગરાની કળીઓ ઊભો
મુંબઈની સાડી લાવ્યો, પે'રે તો પે'ર નહિ તો મારો
વીરો મોગરાની કળીઓ ઊભો.

૧૦

સીતાએ રડી રડી તળાવ ભયરાં
સીતાને કોણ વોળાવવા જાય રે?
સીતાને માડી વોળાવવા જાય રે
સીતા રે ચાલી સાસરે
સીતાને બાપ વોળાવવા જાય રે
સીતા રે ચાલી સાસરે

[સગાંનાં નામ લઈ ફરી ફરી]

૧૧

માયરું ઉઠાવ રે માયરું ઉઠાવ
મારા ભાઈના સાળા માયરું ઉઠાવ
મારી નાનેરીની કેડ દુખે રે
મારા ભાઈના સાળા માયરું ઉઠાવ
તારો નાનેરો તો ખમી રહેશે
મારા ભાઈના સાળા માયરું ઉઠાવ

૧૨

સખી, સવાસો માફલિયા
સાંભા મોકલજો રે સખી,
મા : દીકરા નહીં રે આપણી નગરીની રીત
લો ગરીબનો બેટો ગરજે આવે,
મારાં લાલ જાંબુડાં ઝોલાં ખાય રે,
મારી માડીનો જાયો વનમાં બોલ રે કોયલ માડીનં
સખી સવાસો ઘોડલિયા સાંભા મોકલજો રે સખી
બાપ : દીકરા નહિ રે આપણી નગરીની રીત
ગરીબનો બેટો ગરજે આવે.

[ અન્ય પ્રાણીઓનાં નામ સાથે ફરી ફરી ]

૧૩

લીલા રે વાંસનો માંડવો કપટાવ્યો
માંડવામાં કયી બે'ની બેસે
ચાલો ને સખી જોવાને જઈએ.
માંડવામાં અમુક બે'ન બેસે
ચાલો ને સખી જોવાને જઈએ.
માંડવામાં કયો રે વેવાઈ બેસે
ચાલો ને સખી જોવાને જઈએ.
માંડવામાં અમુક વેવાઈ બેઠેલો
ચાલો ને સખી જોવાને જઈએ.
માંડવામાં કયો રે મોટો ભાઈ બેસે
ચાલો ને સખી જોવાને જઈએ.
માંડવામાં ફલાણો ભાઈ બેઠેલો
ચાલો ને સખી જોવાને જઈએ.
માંડવામાં કઈ રે વેવણ બેસે
ચાલો ને સખી જોવાને જઈએ.
માંડવામાં ઢીંકણી વેવણ બેઠેલી
ચાલો ને સખી જોવાને જઈએ.

[ 'અમુક'ની જગ્યાએ નામ આવે. બીજાનાં નામ દઈ ને ફરી ફરીને ]

૧૪

આંબે બોલી કોયલ, વનમાં બોલે મોર મોટા દરઘે
બાપા મુજને ધનિયો વળાવે સજને આંબો મોરો બાપ
સાંકળાં પાન ગેડી બે'ની ગેડાં શું બોલે બે'ની તારાં?
મોસાળિયાં પેલી તળે લરી લરી જાય બે'ની તારાં
મોસાળિયાં મીનવતાં લરી લરી જાય બે'ની તારાં
વીરા ઊભા ભરબાર બે'ની તારા, ભાભી ઊભી ભરબાર

[ કાકા વગેરેનાં નામ લઈ ફરી ફરી ]



૧૫

સજની તલાવડીમાં નવાંજૂનાં પાણી
પાણીમાં રોપ્યો મોગરો
મોગરાની છાંયે બાંધ્યો ઘોડો
રાજા તારો ઘોડલો ભરું રે
અંબોડો ભરતેરાં દીઠાં રે બેનાંઓ કયાં માડીને
માડી રે મોરી તમે એવડા ભરજો
સોનેરી ખોપા ભરજો.

૧૬

રાતી રાતી ચણોઠી
પીળી તે પોપટડાની પાંખ
રમતેરો આવે
પેલે ફરિયે કઈ વેવણ આવે?
પેલે ફરિયે ફલાણી વેવણ આવે
(નામ) વેવણને છાજે બાંધી લાવો
તેને ચાબકે ચમકાવો

૧૭

જી રે અનંત રસ ભરી રે તલાવડી
શેરી વચ્ચે જોબન આંબો લરી રહ્યો
ભાઈ વેરી કોને વેઢી લઈએ
જીરે વેઢિયું જમાઉં
ખાણુ ખજૂર શેરી વચ્ચે
જોબન આંબો લરી રહ્યો

૧૮

રાતી રે રાતી ચણોઠી
પીળી રે પોપટડાની પાંખ
પોપટ રમતેલો આવે
પેલે ફરિયે સોમલી વેવણ
પોપટ રમતેલો આવે
સોમલી વેવાઈ વેવણ વેવા કીધા રે
પોપટ રમતેલો આવે રે
સોમલીને સાંઈ બાંધી લાવો રે
પોપટ રમતેલો આવે રે
સોમલીને ચાબકે ચાબકે ચમકાવો રે
પોપટ રમતેરો આવે રે

૧૯

બેબી બાઈ બેઠાં રે બાજઠે સુંદર વરને દરશે
નરયધાં રે ઘડી બે ચાર, હવે ના નરખું અદઘડી
મોટા મોરા જોઈ વરસે વણ ખાસીઓ
વીંટી મોરી કાં રમતાં દીઠાં કે રે તમારાં મન રચછાં
ગેડી રમતાં દીઠાં રે ઝલે મારાં મન રચછાં

૨૦

અરધ ગજીને મારું કાંચરું રે
અધમણે હીરે ભરેલું, ઠાકોરિયા,
ભમરે ભરેલું મારું કાંચરું
સામા મળજે ભાઈ ભીલડા, નણદીને લૂંટી લેજો ઠાકોરિયા
ભમરે ભરેલું મારું કાંચરું,
મારા મયરનું કાંચરું
નણદીને શા માટે આયલું, ઠાકોરિયા
નણદીને આયલું તેમ લેજે ઠાકોરિયા
ભમરે ભરેલું મારું કાંચરું.

૨૧

વનરા વન બાજુ બનદરનું સરખી પોંચી
પોંચી લાવ્યા લાડકીના મામા રે
પોંચી જોઈ રે પોંચી જોઈ જોઈ મામીઓ નરયધાં
મારા લગન કુંવારાની પહોંચી,
[પહોંચી, બગડી, વીંટી, મામા, કાકા, માસી સાથે ફરી ફરી]

૨૨

આ તેળે વાવો લવંગ એલચી રે
પેલી તેળે વાવો રે હેરિયાં ઝાડ
ગરિયારાં લગન રાયવર વહી ગયાં.
સોનીડાનો બેટો મારો દલે વસ્યો
સાંકળાં વસાવતાં લાગો વાર
ગરિયારાં લગન રાયવર વહી ગયાં.
[વાણ્યા, ઘાંચી, કાપડિયા વગેરે લઈ લઈ બોલે]

૨૩

ચાંદાની ચોકમાં બાપે તુલસી રોપાવી
ધન ધન રે ગંગા રે તુલસી બારે કુંવારી
આપણી રે તુલસીનાં કોણ ઘરનાં માંગાં.
ધન ધન રે૦



આપણી રે તુલસીનાં ચાંદાનાં માંગાં,
ચાંદાનાં માંગાં બાપા પાછેરાં વાળો
ચાંદો તો ખોડખાંપણવાળો, ધન ધન રે ૦

આપણી રે તુલસીને દરિયાનાં માંગાં,
દરિયાનાં માંગાં બાપા પાછેરાં વાળો,
દરિયો તો છેલ છલકારે વાળો, ધન ધન રે ૦

આપણી રે તુલસીને કોણ ઘરનાં માંગાં,
આપણી રે તુલસીને સૂરજનાં માંગાં
સૂરજનાં માંગાં બાપા પાછેરાં વાળો,
સૂરજ તો તાપ-તડકાવાળો, તુલસી ધન ધન રે ૦

આપણી રે તુલસીને અરમાનનાં માંગાં
અરમાનનાં માંગાં બાપા પાછેરા વાળો
અરમાન તો તેલ સિંદૂરવાળો રે, તુલસી ધન ધન રે ૦

આપણી રે તુલસીને ઠાકોરનાં માંગાં,
ઠાકોરનાં માંગાં બાપા ઝડપીને લેજો, તુલસી ધન ધન રે ૦

૨૪

દરિયાને કાંઠે મીઢોરાં પડે ઝપાઝપ
ઝપાઝપ રાય જાદવ
બે'ની બાઈ માડીને મીનવે રે જાદવ,
માડી મોરી નાનેરાં પરણાવો રાય જાદવ
નાનેરાં પરણાંની ઘણી હોંશ જાદવરાય

[કાકા, મામા, કાકી, મામી સાથે ફરી ફરી]

૨૫

માંડવા તળે ચોરી થઈ
વેવાઈ તારી બૈરી ગઈ માલમ છે કે નહિ?

ઝાંપે ઝોરી બાંધી ગેઈ
ગોવાળિયાને કે'તી ગેઈ વેવાઈ તારી બૈરી ગઈ
છોટુભાઈને લેતી ગેઈ
ગોવાળિયાને કે'તી ગેઈ, માલમ છે કે વેવાઈ તારી બૈરી ગઈ
માંડવા તળે ચોરી થઈ, વેવાઈ તારી બૈરી ગઈ,
માલમ છે કે નહિ?

૨૬

ઘોડાની ખરીઓમાં સિદૂર ભયરાં,
દાદો કહેશે રે મારો લવંગ કેસરિયો પાતળો રે
વર વરઘોડે સઈડો.
માડી કહેશે રે મારો લવંગ કેસરિયો પાતળો રે
વર વરઘોડે સઈડો.
બે'ની કહેશે રે મારો લવંગ કેસરિયો પાતળો રે
વર વરઘોડે સઈડો.

[ભાઈ, મામો, માસી, માસો વગેરે નામ લઈ ફરી ફરી]

૨૭

મારે બારણે સોપારીનો છોડ, સોપારી લેરા લાલ લૂમ છે રે
ઘેરે શુક્કરભાઈના વેવા, લગન વે'લાં જોઈશે રે મોરા રાજા.
મારે બારણે એલચીનો છોડ, એલચી લેરા લાલ લૂમ છે રે
કાચી પાકી બેડી ન પાડે, કોઈક દા'ડો કામ લાગશે
ઘેરે શુક્કરભાઈના વેવા, લગન વેલાં જોઈશે મોરા રાજા.
મારે બારણે વરિયાળીનો છોડ, વરિયાળી લેરા લાલ લૂમ છે રે
કાચી પાકી બેડી ન પાડો કોઈક દા'ડો કામ લાગશે રે.
ઘેરે શુક્કરભાઈના વેવા, લગન વેલાં જોઈશે મોરા રાજા.

૨૮

નાડ ઉપર ઉંદરડી ચઢી એસી મારું કુંડળિયું
નદીઆને[1] લેતી સઢી એસી મારું કુંડળિયું
અરધેથી ફેંકી દીધો એસી મારું કુંડળિયું
અરધેથી ફેંકી દીધો, મારાને વાયગું ઓસે
એસી મારું કુંડળિયું
બે પૈસાની લેપ મંગાવો એસી મારું કુંડળિયું
નદીઓને[1] લેપ મારો એસી મારું કુંડળિયું
વેવાણ કહેશે કે મારા જમાઈને વાયગું ઓશે
એસી મારું કુંડળિયું.

[૧. નદીઓને બદલે ગમે તે નામ લખવું.]

૨૯

કેર કપાવો ને થંભ લખાવો કેરની વાડીમાં અમરક પાણી
ત્યાં રે અમુક ભાઈ ધોતિયાં ધુએ
ધોતિયાં ધુએ ને ઘરે સીતા વાટડી જુએ
હજી ન આવ્યો મારો હેતનો પ્યાલો રેશમી રૂમાલ

[ભાઈઓનાં નામ લખવાં]



૩૦

તાંબાની કૂંડી નવ ગજ ઊંડી, વેવાઈને તાંણી લાવો મારા નવલા વેવાઈ
સાત કન્યા સાથે રે વહોરી, તેમાંની બે આલો મારા નવલા વેવાઈ
બે આલી બે આલશું, બેનાં મેયલાં પાણી મારા નવલા વેવાઈ
પાણી મેયલાં ને ગરી ગિયાં ને મનમાં રહી ગઈ વાત મારા નવલા વેવાઈ
સાત ખુરશી સાથે વહોરી, તેમાંની બે આલો મારા નવલા વેવાઈ
બે આલી બે આલશું, બેનાં મેયલાં પાણી મારા નવલા વેવાઈ
સાતે લોટા સાથે રે વહોર્યા, તેમાંનાં બે આલો રે મારા નવલા વેવાઈ
બે આયલા બે આલશું, બેનાં મેયલાં પાણી મારા નવલા વેવાઈ.

[ખૂમચા, પાટલી, બાજઠ વગેરે]

૩૧

આવાં રૂડાં રે માડીનાં રાજ રે બે'ની બાઈ
રાજ મેલી કાં જાઓ રે બે'ની બાઈ
આઈવો રે પરદેશી પોપટ રે બે'ની બાઈ
લઈ ચાયલો રે એને દેશ બે'ની બાઈ
આવાં રૂડાં રે માડીનાં રાજ રે બે'ની બાઈ
રાજ મેલી મે જાઓ રે બે'ની બાઈ

[કાકા, મામા, વગેરે વાપરીને ફરી ફરી]

૩૨

કારી કારી રે કોયલ વનમાં પધારિયાં
તમારે જાવું રે કોયલ નોતરવા
હું તો ગામ ન જાણું, નામ ન જાણું
તમારે જવું રે કોયલ નોતરવા.
એ તો ગામ રે ધમડાછા નામ રે અમુક બે'ન
તમારે જવું રે કોયલ નોતરવા
હું તો આવીશ રે વીરા લાંબે લંબાણે
મોટે મંડાણે, વાંકે અંબોડે, છયડે રે ઘોડે
આગળ ઘોડો ને પછાટ પાલખી

[બહેનનાં નામ લઈ, પરણી હોય તે ગામનાં નામ લઈ]

૩૩

તેડાવો રે માણેકપોરનો જોશી,
ઝીણી કરી લખજો રે કંકોત્રી.
બાંધો રે મારા રમણભાઈને છેડે,

જાય મારી મણીબે'નને સાસરે.
બે'ની રે તમો સૂતેલાં કે જાગો,
બારણે આવ્યો વીર ન ઓળખિયો,
વીરા રે તમો નાના સરખા ઊતા,
કેડ કંદોરો ન ઓળખિયો.
બરી રે મારી આંખડીનાં તેજ,
બારણે આઈવો વીરો ન ઓળખિયો.
વીરા રે તમો કોણશ બાપના બેટા,
કોણ બાઈમાડીના ઉધારલા.
બે'ની રે અમો મગન બાપના બેટા,
ઝીણીબાઈ માડીના ઉધારલા.

૩૪

વર ઊતરિયા ઊતર વાડીમાં રે વાડી લીલાલહેર
વર ઊતર્યો વાડીમાં કે વાડી લીલાલહેર
સગી સાસુ ઓરા ખોરા પત્થરે, જમાઈ અમારે દેશ
પાંચ આલુ પચ્ચીસ આલુ રોકડા, જમાઈ અમારે દેશ
પાંચ પચ્ચીસ તારા ફોકટ રે સાસુ, નહિ આવું રે તમારે દેશ.

**[સાસુને બદલે, સસરો, સાળો વગેરે]**

૩૫

રંગીલ મોલ મૂકી આયવા, હરિભાઈ અંઈ શું જોવા આયવા
સસરા તૂટલે ઝૂંપડી, હરિભાઈ તમે શું જોવા આયવા
સસરા ગામના ગુલામ, હરિભાઈ તમે શું જોવા આયવા
બાપા તો ગામના દેશાઈ, હરિભાઈ તમે શું જોવા આયવા

**[કાકો, મામો, દાદો, સાળો વગેરે]**

૩૬

છોરી! નહિ રે તારા દેશમાં વરિયારી છોડવો,
મારા લાડકડા હરિભાઈને વરિયારી જોઈશે.
છોરી! નહિ રે તારા દેશમાં સોપારી છોડવો,
મારા લાડકડા હરિભાઈને સોપારી જોઈશે.
છોરી! નહિ રે તારા દેશમાં લવંગ છોડવો,
મારા લાડકડા હરિભાઈને લવંગ જોઈશે.

**[એલચી, તાડી વગેરે]**

૩૭

સુખડવેલનાં પાટિયાં વહેરાવો રે, હરિભાઈ આપણાં
તેની ઓ બે ખુરસી ઘડાવો રે ––
ખુરસીએ બેસેલા જમતા જમાઈને ભમતા



ભાણેજને નવલી વેવણનો અરખ ન માય
સુખડવેલનાં પાટિયાં વહેરાવો, હરિભાઈ આપણાં
તેના ઓ બે બાંકડા ઘડાવો, હરિભાઈ આપણાં
બાંકડાએ બેસેલા જમતા જમાઈને ભમતા ભાણેજના
નવલી વેવણનો અરખ ન માય.

૩૮

ધણિયામી પૂછે રે આરણ!
શું શું વોરી લાયવા?
ગાળ ખાધી, ગોદા ખાધા
માણેક મોતી લાયવાં.

૩૯

ગાઈ ગાઈને ગરાં ઓ પઈડાં
કે કેસરે ગૂંચરી રે
રમણભાઈ મારી દસ્તૂરી આલો
કે કેસરે ગૂંચરી રે.

૪૦

જુઓ જુઓ મારા મણિભાઈની અવેલી,
કે એને મોભે મોભે દીવા બરે.
જુઓ જુઓ મારા રમણભાઈની અવેલી,
કે એને ગોખે ગોખે ઈરા ઝબકે.
જુઓ જુઓ મારા... અવેલી,
એના થાંભે થાંભે ઈરા ઝબકે,
જુઓ જુઓ મારી રૂખીબે'નની અવેલી,
એની આગલી પરસાળમાં નાનાં છોરુઓ
એની પાછલી પરસાળમાં વહુવારુઓ,
જુઓ જુઓ રે મારા મણિભાઈની અવેલી.

૪૧

મારી જાન તાડીની તો તરસી છે
બાર બરદિયા ને તેર ઘુઘરી
ધમ ધમ કરતી આવી રે
મારી જાન તાડીની તો તરસી છે.

૪૨

જો રે લાડી ખાલી છે કે ભયરાં છે
ખાલીમાંથી ભયરામાં તો આણી છે
જોરે લાડી ખાલી છે કે ભયરાં છે
ખાલીમાંથી ભયરામાં તો આણી છે.

૪૩

રોટલા ખાધા વના ના જાવ રે
તાડી પીધા વના ના જાવ રે
તારી જાન એમ ને એમ ના જાવ રે
રોટલા ખાધા વના ના જાવ રે

૪૪

માડી ઝાંપલિયા ઉઘાડો રે
ચંપા વહુને લાવ્યા રે
માડી ઝાંપલિયા ઉઘાડો રે

૪૫

લાડી આવી
મારું તારું કરતી આવી
જુદો ચૂલો માંડતી આવી
સાસુને સંતાપતી આવી
ભાઈને ભંભેરતી આવી
લાડી આવી!

૪૬

મોટી મોટી ધોતીવાળા મારા કયા ભાઈ
ઓરીઓ રમવા આવે
મોટી મોટી ધોતીવાળા મારા – ભાઈ આવે
ઓરીઓ રમવા આવે
વાંકી વાંકી ટોપીવાળા મારા કયા ભાઈ
ઓરીઓ રમવા આવે
ઊંચી ઊંચી અવેલીવાળા મારા કયા ભાઈ
ઓરીઓ રમવા આવે

૪૭

આવો રાણી રાજીઓ
ગોરીને આલો રે
ખારેક કોપરાં



૪૮

સરગની શેરી સાંકળી રે
મને ચાલતાં લાગો રે વાર
કયા ભાઈનાં પૂરવેજ રે
મને વીનવતાં લાગો વાર રે
– ભાઈના પૂરવેજ રે
મને વીનવતાં લાગો વાર રે

૪૯

મોટેરો કુંવર અગલે ડગલે ચાલે
કંકુ રે ખેરો ગોરા ગલાવતો ચાલે
સિંદૂર ખરી ચોક પુરાવતો ચાલે

૫૦

દરિયાને દાદો કહી બોલાવજો આઘેનો ડુંગર
તમુને વહાલો લાગે આઘેનો ડુંગર
તાપીને માસી કહી બોલાવજો આઘેનો ડુંગર
નદીને માડી કહી બોલાવજો આઘેનો ડુંગર
માછલીને મામી કહી બોલાવજો આઘેનો ડુંગર

૫૧

રે દેશદેશથી ઈંટ મંગાવો, તેના તે બંગલા બંધાવો.
હાથીનો ઠાકર નદીના કિનારે, બંગલા શોભાવતો
દેશદેશથી પેંડા મંગાવો, તેના ચોરા મેલાવો
હાથીનો ઠાકર નદીને કિનારે બંગલા શોભાવતો
દેશદેશથી જલેબી મંગાવો તેની તે બારી જોડીજોડી મેલાવો
હાથીનો ઠાકર નદીના કિનારે બંગલા શોભાવતો

૫૨

સરોવરની પાળે ઠાકોરભાઈ ઘોડલી ખેલાવે
પાણી ભરે રે રાજા ભરામણની બેટી
બાપા પૂછે બેટા હાર્યા કે જીત્યા
હાથમાં સોનૈયા, બાપા, ગજવે રૂપૈયા
લઈ જાઓ કે કાંઈ એવી વો રે વાં
એ રે કન્યા આપણે ઘરે કયાંથી?

૫૩

ઉત્તાર ગરજ્યો દખ્ખણ વરસ્યો
વરસ્યો ચારેવ દેશ રે
મેવલાની માડીઓ સાગર મોકલ્યા
કાં ગ્યો મારો મેઘલો વીજળી
મેવલો વરહે દૂધ ને પાણી
મેવલાની માડીઓ તેડાં રે મોકલ્યાં
મોકલ્યાં ચારેવ દેશ રે

૫૪

આરીઓ હળ છોડી મેલ્યા રે
મેવલો વરહે તો ગોરીને તેડું રે મેવલા
ગોરીનાં ગોરસ નાનાં બાળ રે
બાળકનાં ઘરમે તમે વરહો રે
તારી ગાયોનાં ગોવાળ તરસે મરે રે
તું તો વરહીને પાણી આવે
તું તો વરહીને વે'લો રે આવ
તારી ગાયોનાં ગોવાળ વાટો જુએ
તારી ભટની ભટયાણી વાટો જુએ
તું તો વરહીને વેલો રે આવ
તારી ધરતી ધણિયાણી જુએ વાટ રે મેવલિયા
સારી દુનિયા જુએ તારી વાટ રે મેવલિયા
તું તો વરસીને ભર રે તલાવ
તારા ખેડુલા જુએ વાટ રે મેવલિયા
તું તો વરહે દુનિયાનો બાપ રે મેવલિયા

૫૫

આરીઓ ઓર છોડી મેલ્યાં રે મેવલા
સુકાયા સમળીના સોટા રે મેવલા
મેવલો વરસે તો ગોરીને લાવું રે
આરીઓ આરણ કાઢી મેલી રે મેવલા



૫૬

ઝરમર ઝરમર રે ઝીણો મેવલો
ભીંજે છે ભાભીનાં ચીર રે મેવલિયા
ધરતી ધણિયાણીને સાડીઓ જોઈએ મેવલિયા
ઝરમર ઝરમર રે ઝીણો મેવલો

૫૭

મેઘની તો માડીઓ એમ કરી પૂચછાં
કેથો મારા મેઘનો ભાર રે વીજળી?
ઉત્તાર ગાયજે ને દખ્ખણ વરસ્યો
વરહ્યો ચારેવ મેર રે (ખાંડ રે)
નાગલી ને કોદરો ઝીણો રે દાણો
પાયકો ભારોભાર રે વીજળી
નાગલીનો રોટલો સીકલે સુકાય રે
વોવ વના કોણ ખાય રે વીજળી

૫૮

તમે વરસો રે કારા મેવલિયા
તમે વરસો ને ભરો રે તરાવ, દલીના મેવલિયા
તમે વરસો ને ઓય લીલાલહેર દલીના મેવલિયા
તારી ધરતી ધણિયાણી જુએ વાટ, દલીના મેવલિયા
તારા ખેડુના આરી જુએ વાટ, દલીના મેવલિયા
તારી પોહેલી પરજા જુએ વાટ, દલીના મેવલિયા

૫૯

કે'તો મેઘ ઘોડલિયા મોકલાવું રે
ઘોડલિયે બેસીને આવો રે
મેઘ મારો આવે ને મન ભાવે
કે'તો મેઘ હાથીડા મોકલાવું રે
હાથીડે બેસીને આવો રે
મેઘ મારો આવે ને મન ભાવે
કે'તો મેઘ પાલખડી મોકલાવું રે
પાલખીએ બેસીને આવો રે
મેઘ મારો આવે ને મન ભાવે

૬૦

જળમાં પ્રાણી જટ કરે
જા'જ જળમાં ના'ય
માથું કાપે નવ મરે
પગ કાપે જીવ જાય
(ભાત)

૬૧

નાથુએ કાશીને કાઢી મેલી રે મેવલા
માથે છે ટોપલો
કેડે છે છોકરો
ચાલી તે શેર બજાર રે મેવલા
તેને ઓ ધરમે કાંઈ ની વરસો રે મેવલા
મેવલો વરસે તો ગોરીને લાવું રે મેવલા
નહિ તો મૈયરમાં ઝોલાં ખાશે રે મેવલા

૬૨

પાણી જતી બાઈ બે'નડી રે, બે'ની પાણીલાં પાવ
રાસ તૂટીને ઘડો ડૂબિયો રે, પાણી કાં થકી પાઉં
કાળી વાદળીમાં મેઘજી રે, બે'ની વરસે નહિ
વરસે નહિ તો લોક તરસે મરે, બે'ની પાણીલાં પાવ
તાંબાકૂંડીમાં પાણી ઝલઝલે રે, બે'ની પાણીલાં પાવ
શેરીમાં પાણી છલછલે રે, છોરાં રમતેરાં જાય.

૬૩

મેવલો વરસે ને મેડી ભીંજશે, મોરા રાય
આવો કોણ ભાઈ મૌલમાં રે, મોરા રાય
ભીંજે છે માથેનો મોળ રે, તોરો ભીંજે રે સવા લાખનો
આવો નાની વહુ મોલમાં રે, મોરા રાય
ભીંજે છે દખણી ચીર રે, હાર ભીંજે સવા લાખનો.

૬૪

મેવલિયા રે તું ધીમો વરસ, ધીમો વરસ
ભીંજે ગોરાણીની ચૂંદડી
મેવલિયા રે તું ઝીણો વરસ, ઝીણો વરસ
જાય ગોરાંદે પાણીમાં



વીજલડી રે તું થોડી ઝબૂક, થોડી રે ઝબૂક
સોડમાં બીએ નાનાં બાલુડાં
વીજલડી રે તું ઝીણી ઝબૂક, ઝીણી રે ઝબૂક
વનમાં નાચે મીઠા મોરલા
સાસરિયે નતનવાં ભાત, નતનવાં ભાત
બીબાં પડે રે સવા લાખનાં

૬૫

મેઘ ઉત્તાર ગાઈજો ને દખ્ખણ વરઈસો
વરઈસો ચારે ખંડ રે, કિયારી મોરી
ભઈરાં રે તરાવ ભીમ ભાઠેનાં.
મેઘે ભરી વઈરાં ખાડી ને ખાંધકડાં,
મેઘે ભરી વઈરાં ભીમ તરાવ રે, કિયારી મોરી
ભઈરાં રે તરાવ ભીમ ભાઠેનાં
મારી માની વહુ રાંધે ખીચડી,
મારા નાણભાઈ જમે ઝીણી સેવ રે, કિયારી મોરી
ભઈરાં રે તરાવ ભીમ ભાઠેનાં
મારાં બોકળાનાં આઈવાં સાસરાં,
મારાં ગાડરાંનાં આઈવાં મૈયર રે, કિયારી મોરી
ભઈરાં રે તરાવ ભીમ ભાઠેનાં

૬૬

આભ ગાજે ને મેઘ વરસે
ભરી તાપી કરાડા ધસે

તાપીમાં આવી રેલ રે
તોડે કરમદડીસી વેલ રે

મોરંતી રે માલણ મૂલ કરે
બેડંતી એ માલણ છાબ ધરે

લાવો લાવો માલણ અમે લેશું રે
લાડકડીને કંઠે ધરશું રે

રાજા રાયમલે આયલો ઘોડો રે
ભાઈની રાણીનો વાંકો અંબોડો રે

અંબોડે તો ખોઈસો કેવડિયો રે
કેવડિયાનાં એવાં મૂલ રે

૬૭

ઝરમર ઝરમર રે ઝીણો મેહુલો વરસે,
        રાજકુમારીનું પાનેતર ભીંજે
ભીંજે છે ભાભીનાં ચીર રે દેવરિયા,
        મારો રે રસ ભીંજે દેવરિયા
ઘરની ધણિયાણીને બાલી લઈ આલો
        બાલી પહેર્યાની ઘણી હોંશ રે
        મારો રે રસ ભીંજે દેવરિયા

૬૮

ઊંચી ટેવલ માડી મારું સાસરું
નીચી કંઈ પિયરિયાંની વાટ રે
        માડી વીરાને કે'જે કે આણાં મોકલે.
ચોરી ફાટી માડી મારે ઘૂમટે
જશે રે કંઈ મોટાભાઈની લાજ રે,
        માડી વીરાને કે'જે કે આણાં મોકલે.

૬૯

સાગરને કાંઠે (૨) બાંગલો વસાવિયો
હું તો એકલડી ન જાઉં (૨) લાગે છે બીકણાં
તમે આવો તો (૨) મંબઈની હવા ખાવા જઈએ
નહિ રે આવો તો (૨) તમારા સમ છે.

૭૦

મેંધી તો વાવી માંડવે એનો રંગ ગયો
        ગુજરાત રે મેંધી રંગ લાગ્યો.
વાટી ઘૂંટીને કંઈ ભર્યો વાડકો કંઈ મેંધી રંગ...
આ'તો હાથ રંગી દિયર શું રે કરું
        મારો પરણ્યો ગયો પરદેશ રે મેંધી...
પરણ્યો ગયો પરદેશ એનો બાપો મરે ઘેરે આવ
                મેંધી રંગ લાગ્યો
બાપો મરે તો ભલે મરે એને જુગતે જમણ જમાડજો રે
                મેંધી રંગ લાગ્યો

૭૧

પાદરે પારસીનું પીઠું કે પારસી વેચે દારૂ
        ભરામણ ચોપડો વાંચતો જાય
પારસી વેચતો દારૂ ને ચિલાણામાં રેડતો દારૂ
        કે ભરામણ ચોપડો વાંચતો જાય



ચિલાણામાં રેડે ને કંઈ વેવણને પીવા તેડે
        કે ભરામણ ચોપડો વાંચતો જાય
વેવણ આવી પીવાને કંઈ ગલાસ ગીયું ઢરી
        કે ભરામણ ચોપડો વાંચતો જાય
ગલાસ ગીયું ઢરી ને પૈસા લીધા ભરી
        કે ભરામણ ચોપડો વાંચતો જાય
પૈસા લીધા ભરી કે વેવણને દીધી ગાલી
        કે ભરામણ ચોપડો વાંચતો જાય

૭૨

અંબા માતાને સીદે રે જાતાં એવડો વાર કાં લાગો જ રે
દરિયાને વચ્ચે ગામ રૂડાં પયડાં ને ફૂલડાં વણવા ગઈ'તી રે
વણી ચૂંટીને કંડિયો રે ભરિયો ગૂંયથો તે નવસર હાર જો
એ હાર મારી કઈ માતા પે'રે, ઝાંઝરનો ઝમકાર જો
એ હાર મારી ઉમાઈ માતા પે'રે, ઝાંઝરનો ઝમકાર જો

૭૩

પયણાં રે, હું નાની છે, નાની સરખી જમરૂખી
પયણાં રે, તું કાઢી મેલ, નાની સરખી જમરૂખી
પયણાં રે, મને ભરતાં નઈ આવડે, નાની સરખી જમરૂખી
પયણાં રે, મને રોટલા ઘડતાં નઈ આવડે, નાની સરખી જમરૂખી
ખાટલો પાથરતાં નઈ આવડે, રે તું મને કાઢી મૂક
પયણાં રે, તું બીજી કર, નાની સરખી જમરૂખી.

૭૪

નહિ કોઈ પરમેસરનો લાલો કે દેરાં બાંધાવી જાસે રે લોલ
આયવો કેડચાનો બેટો કે દેરાં બાંધાવી ગયો રે લોલ
નહિ કોઈ પરમેસરનો લાલો કે દેરાં ચિતરાવી જશે રે લોલ
આયવો રંગારીનો બેટો કે દેરાં ચિતરાવી ગયો રે લોલ
નહિ કોઈ પરમેસરનો લાલો કે મૂર્તિ વસાવી જશે રે લોલ
આયવો સોનીડાનો બેટો કે મૂર્તિ વસાવી ગયો રે લોલ
નહિ કોઈ પરમેસરનો લાલો કે દીવડા વસાવી જશે રે લોલ
આયવો ઘાંચીડાનો બેટો કે દીવડા વસાવી ગયો રે લોલ
નહિ કોઈ પરમેસરનો લાલો કે નરયોર વસાવી જશે રે લોલ
આયવો કાસીડાનો બેટો કે નરયોર વસાવી જશે રે લોલ
નહિ કોઈ પરમેસરનો લાલો કે હાર વસાવી જશે રે લોલ
આયવો મારીડાનો બેટો કે હાર વસાવી ગયો રે લોલ
નહિ કોઈ પરમેસરનો લાલો કે પૂજા કરી જાશે રે લોલ
આયવો સાધુડાનો બેટો કે પૂજા કરી ગયો રે લોલ

૭૫

સાત વીરામાં એક જ પૂરી બે'ની રે તેને તો પરણાવી વેગળા દૂર રે વા'લા
બાર ને બાર ચોવી વરહ તો થીયાં તોયે હજુ ન દીઠાં મા ને બાપ જો
સમી રે સાંજના કાગરિયાં કલકલે મધને રાત રે ટપાલ જાય
ઊઠો ભાઈ દીવલડા સળગાવો આપણી બે'નીને એવાં શાનાં દુ:ખ પઈડાં રે
સાત વીરા મોટા ભાયે તો વાંયચા રે, તેઓ ની ઊકલે બે'નીના અક્ષર રે
સાત વીરામાં છઠ્ઠા ભાયે તો વાંયચા રે તેઓ ની ઊકલે બે'નીના અક્ષર રે
સાત વીરામાં પાંચમા ભાયે તો વાંયચા રે, તેઓ ની ઊકલે બે'નીના અક્ષર રે
સાત વીરામાં ચોથા ભાયે તો વાંયચા રે, તેઓ ની ઊકલે બે'નીના અક્ષર રે
સાત વીરામાં ત્રીજા ભાયે તો વાંયચા રે, તેઓ ની ઊકલે બે'નીના અક્ષર રે
સાત વીરામાં બીજા ભાયે તો વાંયચા રે, તેઓ ની ઊકલે બે'નીના અક્ષર રે
સાત વીરામાં છેલ્લા ભાયે તો વાંયચા રે, આપણી બે'નીને એવાં શાનાં દુ:ખ રે

૭૬

રાજાજી ચાયલા રે શિકાર ખેલવા, મોર તો મારો પિયરનો પોહેલો જો
નખે ને મારો રે વનસરી મોરલો, મારજો રે મારજો હરણાંની કણિયાર જો
ભાઈ રે મોરલિયા ડુંગર આવી આવી નાસતો
પે'લું રે તીર તો આરવી જારવી રાયખું જો
બીજા રે તીરે મોરનાં મોતી ખયરાં રે,
તાંથી રે રાજાજી કાવડ રે લેય આયલા
ઊઠો રાણીજી ઝીંપ ત્યાં ઉઘાડજો રે
મોરલો જોઈને રાણી તો ઠરી પડી જો
કહો તો રાણી ચોળીઓ સિવડાવું જો
ચોળીઓ ચિતરાવું વનસરી મોરલો
ઘેલા રે રાજા ઘેલડિયાં શું બોલો રે
મૂએલો જીવડો તો ફરી કેમ આવશે
કહો તો રાણી વાવલડી ખોદાવું રે
મોતીએ ચિતરાવું વનસરી મોરલો
ઘેલા રે રાજા ઘેલાં શું બોલે રે
મૂએલો જીવડો ફરી કેમ આવશે.

૭૭

ઊઠોને ભાઈ ઘોડલા શણગારું
ડાબી તે મૂકું ને જમણી બુહારું
વીરો તો મારો કઈ શેરીએ આવે
ડુંગરી તો જાણે રમકઝમક વાગે
જમણી શેરીએ વીરલો આવે
વીરાને સારુ સોળ ભોજન બનાવું રે
બાર વાનીનાં શાક બનાવું રે



૭૮

હલ્લુ રે ભાઈ મારો ઘોડીએ રે બેઠો, નગરી જોવા નીસયરો રે
નવા નગરમાં કુંવારી કણબણ, ગરબે રમતી દીઠી રે
બાપા રે મને અવરઠ લાગી ને, કણબણ હાથે પરણું રે
દીકરા રે તારી સોળસે રાણી, ને કણબણને શું કરશે રે
સોળસે રાણી ભરશે પાણી ને, કણબણ ઘર ઠકરાણી રે
દાતરડું ઘડાયવું ને ચાર કાપવા આયલાં જ રે
બાર વીઘાંનો હેડો હોયરો ને બત્રીસ બાંધનો ભારો જો
બારજ ગામના ગોવારજ બોલાયવા તેઓના ચયડો ભારો જો
બાંધી રે કણબણ રણઝણ ચાલી, ઝાંપે આવી ઠેલાયાં જો
ડાબા તે પગની એડી તે મારી પાંથડું ગીયું લરી રે
ઢબાક દેઈને ભારો જ લાયખો, સવાસો પાળિયાં ભડયકાં જો
સાંઠ વાછરડાં હાથે છોયડાં ને પગે વારી બાંધે જો
સાઠ ગોરસિયાં છાછ વલોવી ને માખણના ભાખરા બનાયવા જો
સાસુને વોઉ બેઉ જમ્મા બેઠી ને વોઉજી તો ભૂખાં ઊયઠાં રે
ખોરો ભરીને ખટામણાં લીધાં હરે ફરે ને ચાવે જ રે
કૂવાએ જેઈને વાત જ મેલાવી જે ભૂખે ભમરી આવે રે

૭૯

ખારા તે દરિયામાં મીઠેરી છે વે'રી જો
રાજાની રાણી રે પાણીલાં સંચર્યાં.
પે'લું બેડું રણઝણ કરતી લાવી જો,
બીજે બેડે વાર કેમ લાગી ઓ
રાણી ભરે ને મોરલિયો ઢોરી મેલે જો,
હસતાં ને રમતાં ગોવાળિયાએ દીઠાં જો
ગોવાળિયાએ રે જેઈને રાજાજીને જાહેર કયરું રે,
બસોં રે બંદૂક તણસે તીકમ દોર જો

૮૦

ડુંગર વચ્ચે એક ડુંગરી રે
મહીં વસ્યા બે ચાર ઘેઠ રે
ચાર ઢોલિયા વચ્ચે એક માચિયો રે
આવો માડીજાયા બેસીએ,
કરીએ કરી જુગની વાત રે
શું કરીએ માડીએ લાખ્યાં દેશાવરમાં.
કેમ મેલું સાસુસસરાને, કેમ મેલું માબાપને;
હસતાં મેલું સાસુસસરાને, રડતાં મેલું માબાપને.

કેમ મેલું જેઠજેઠાણી, કેમ મેલું ભાઈભોજાઈને;
રડતાં મેલું ભાઈભોજાઈને, હસતાં મેલું જેઠજેઠાણીને,
કેમ મેલું ગાયનાં વાછરાં, કેમ મેલું નાના બાળકને;
બાંધતાં મેલું ગાયનાં વાછરાં, રમતાં મેલું નાનાં બાળ રે.

૮૧

પાપી સસરે સરોવર ખોદાવ્યાં
સરોવર ખોદાવ્યાં ન દીઠાં જળ હો જી

તેડાવો જોસીડા ને ટીપણાં જોવડાવો
વડી વહુનાં ભોગ હો જી.

ત્યાંથી દિયરે લીલુડી શણગારી રે
ગયા રક્ષા ભાભીના દેશ રે હો જી

હવે ઉતાવળ કરો રે સમરખ ભાભી
ઘરે તો ભાભી ભાગ વેંચાય

આગલું પરિયાણું પાછલું પરિયાણું
વચલું પરિયાણું મારું રે હો જી

આગલી ઓરડી ને પાછલી ઓરડી
વચલી ઓરડી મારી

ત્યાંથી દિયરે લીલુડી ઘોડી રે શણગારી
આવી રક્ષા પોતાના દેશ હો જી

હાથમાં રે થાળી મહીં દીવો
પહેલે પગલે પાટલી સમાં પાણી હો જી
બીજે પગલે મેં જોષી પગ મૂકયો
ઘૂંટણ સમાં પાણી થયાં હો જી
ત્રીજે પગલે મેં જોષી પગ મૂકયો
કેડ સમાં પાણી થયાં હો જી
ચોથે તે પગતારિયે જોષી પગ મૂકયો
છાતી સમાં થયાં પાણી હો જી
પાંચમે પગતારિયે પગ મૂકયો રે જોષી
ડોક સમાં પાણી થયાં હો જી
છઠ્ઠે રે પગતારિયે મેં જોષી પગ મૂકયો
આગાસે ભમે સમળી માસી
પિયરમાં કહેજો માંળી માટલી સરાવજે.



૮૨

સાંતેક વેળા ગુરુ દિશામાં સાંય બેઠા
સસરો મનાવે નો માનો લોઢાણાં
અવળા ઘૂંઘટ ગોરીને વા'લેરા લાગે
કેવ તો ઓવારું તમને સાંકળાં ઘડાવું
સાસુ મનાવે નો માનો લોઢાણાં
અવળા ઘૂંઘટ ગોરીને વા'લેરા લાગે
કેવ તો ઓવારું તમને કલ્લાં ઘડાવું
જેઠ મનાવે નો માનો લોઢાણાં
અવળા ઘૂંઘટ ગોરીને વા'લેરાં લાગે
કેવ તો ઓવારું તમને નખલી ઘડાવું
જેઠાણી મનાવે નો માનો લોઢાણાં
અવળા ઘૂંઘટ ગોરીને વાલેરાં લાગે
કેવ તો ઓવારું તમને પોંચી ઘડાવું

૮૩

ઢીંગલા રે મારા ઢોર ચારજે
ઢીંગલીને મારી ભૂખે નો મારજે
છુરતના પોરિયાએ છીટી રે મારી

૮૪

પાવાની કાળકે કાગળ મોકલ્યા
અંબાજી ગરબા રમવા આવજો
વીરા મારા ગરબે રમવા આવજો
હું કેમ આવું રે સૈયર એકલી
મારે ખોળે નાનાં બાળ જો
કે બાળને સુવાડો સોને પારણે
કે હીરલા દોરીએ બાંધાવ જો
વેગળા રહીને હીચકડા લાખજો

૮૫

આ રંગની સીસી રંગે ભરી
આ ભીંજે છે મા'રાજ, ગુલાબી રંગ ભીંજે છે
આ જળના લોટા જળે ભર્યા, રંગ ભીંજે છે
તમે મુખડા ધોતા જાવ, ગુલાબી રંગ ભીંજે છે
તમે નાવણ કરતા જાવ, ગુલાબી રંગ ભીંજે છે
આ પીળાં પીતાંબર ધોતિયાં તમે પે'રણ પે'રતા જાવ–ગુલાબી૦
સેવ સુંવારી ને લાપસી, તમે ભોજન કરતા જાવ–ગુલાબી૦

આ લવંગ સોપારી ને એલચી, તમે મુખવાસ કરતા જાવ–ગુલાબી૦
આ સાગ સીસમના ઢોલિયા, તમે પોઢણ કરતા જાવ–ગુલાબી૦
આ સોનારૂપાનાં સોગઠાં, તમે રમત રમતા જાવ–ગુલાબી૦
રંગની રે સીસી રંગે ભરી, રંગભીંજે છે

૮૬

લીલો લીમડો રે, લીલો નાગરવેલનો છોડ;
કે આજ મારે આંગણે રે, પ્રભુજી દાતણ કરતા જાવ.
કે દાતણ નહિ કરું રે, માથે ભાઈ બે'નની ચોરી;
કે આજ મારે આંગણે રે, પ્રભુજી મુખડાં ધોતા જાવ.
કે મુખડાં નહિ ધોઉં રે ગોરી, માથે ભાઈ બે'નની ચોરી.
કે આજ મારે આંગણે રે, પ્રભુજી નાવણ કરતા જાવ;
નાવણ નહિ કરું રે ગોરી, માથે ભાઈ બે'નની ચોરી.
કે આજ મારે આંગણે રે, પ્રભુજી ભોજન કરતા જાવ
ભોજન નહિ કરું રે, માથે ભાઈ બે'નની ચોરી.

૮૭

આદુ લહણ લડી પયડાં, લીંબુ જુએ તમાસા.
લાલ કરજણિયું, સૂરણ કહે હું મુખ્ય જ છું,
વરહે પેલો આવું રે લાલ કરજણિયું.
દૂધી તો મનાવવા ચાલી, મારા સમ તમે ચાલો. લાલ૦
ભૂલો હમારી માફ કરીને, જાને વે'લા ચાલો. લાલ૦
ગલકું તો ગમ ખાઈને બોયલું, હું નઈ આવું તારી જાને. લાલ૦
એક જ મોટી ભૂલ તમારી ભૂરિયા વાલોર ભાળે. લાલ૦
મેથીની ભાજી તો મળવા આવી, જાન લઈ વે'લા આવો. લાલ૦
કાંદો તો કર જોડી કહે છે, સગા સગાને લાવો. લાલ૦
સવાઈની ભાજી તો ચોક્કસ થઈ ને, હું છું વરની માતુ. લાલ૦
ચોરી બાઈ ઝબકીને જાગી, હું છું વરની ભાણેજ. લાલ૦
કારેલું કકળાવીને બોયલું, હું છું વરનો સાળો. લાલ૦
કારણ કે મારું કશું ન ચાલે, આ બની બેઠા તો ધારો. લાલ૦
ગાજર તો ગબડીને કહે છે, કાં છે મારો જમો. લાલ૦
કારણ કે હું તો લાગું છું, વરનો મોટો મામો. લાલ૦
પરવર બાઈ તો બોલી રે ઊઠયાં, મારા વના કેમ ચાલે. લાલ૦
ખાટું થઈ બટાકું કહે છે, તારા વના કેમ ચાલે. લાલ૦
કમોદભાઈ કડકાઈને બોયલાં, કેમ થયો આ ચકચાર. લાલ૦
કર જોડીને આદુ કહે છે, પૂરો થયો વરઘોડો. લાલ૦



૮૮

વરસાત આં વરસાવ રે, અવસર જાય છે.
મારા મેઘરાજા વરસાત આં વરસાવ રે, અવસર જાય છે.
પેલો જુવારવારો ધનકી જાય છે રે, અવસર જાય છે.
મારા મેઘરાજા વરસાદ આં વરસાવ રે, અવસર જાય છે.
તું ચડી ચડીને આવે નહીં એક પુરી ગામલી વરસાવે,
પેલો બાજરીવાળો ધનકી જાય છે રે
મારા મેઘરાજા વરસાદ આં વરસાવ રે અવસર જાય છે.

૮૯

મેવલિયા રે તું ઝાઝેરો વરસ, ઝાઝેરો વરસ,
ભીંજે રે ગોચંદેની કાંચળી.
એ કાંચળીએ રે કે નવલેરી ભાત, નવલેરી ભાત
બીબાં પડે સવા લાખનાં
મેવલિયા રે તું ઝાઝેરો વરસ, ઝાઝેરો વરસ
ભીંજે રે ગોચંદેની ટીલડી.
એ ટીલડીએ રે કે સોનાનાં વરખ, સોનાનાં વરખ
કે તેજ ઝરે અમૃત ચાંદની.
મેવલિયા રે તું ઝાઝેરો વરસ, ઝાઝેરો વરસ
કે ભીંજે રે હારીડાના મોળિયા
એની ધોરીડાને રે માથે સોનાની સીંગ, સોનાની સીંગ
કે હારીને માથે તે રંગીત મોળિયાં.
મેવલિયા રે તું ઝાઝેરો વરસ, ઝાઝેરો વરસ,
કે પીરસું હારીને ભોજન ભાવતાં.
ઘરના હારીડાને રે કે ગરિયો કંસાર, ગરિયો કંસાર
કે પરના હારીને પીરસું ખીચડો.

૯૦

લીલી ઘોડી ને પીળો ચાબખો રે, વીરો ચઢયો રે શિકાર.
ટોડે ઊભેલી બે'ની બે'નડી રે, પાણીલાં વીરાને પાઓ.
ઊંડો કૂવો ને જળ છીંછરાં, પાણીલાં ગિયાં રે પાતાળ
રાશ તૂટી ને છેડો છૂટિયો રે, પાણીલાં કેમ રે પવાય
ફટ ભૂંડી ને ફટ પાપણી રે, પાણીલાં નહિ રે તું પાય
વીરા પધારે જો મેઘજી રે, પાણીલાં પીતેરા જાય
મેઘ આવ્યો ને ને રૂડો મેવલો રે, ધરતી તરસે છિપાય
શેરીમાં પાણીલાં છબછબે રે, વીરા ભીંજેલા જાય
ટોડે ઊભેલી બે'ની બે'નડી રે, વીરને પાણીલાં પાય
લીલી ઘોડી ને પીળા ચાબખા રે, વીરા પીતેરા જાય
ચાલુ બીલીનાં વીરા આથણાં રે, વીરા જમતેરા જાવ.
શેરીમાં પાણીલાં છબછબે રે, વીરા પીતેરા જાવ.

૯૧

કહનો વહનો બંને ભાઈ, કિયારીમાં સૂવા જાય;
સૂતાં સૂતાં કરે રે વાત, સુકાયાં કિયારીનાં ભાત.
સૂકાં ભાત સુકાવો દીઓ, ને સૂપડે બાંધી પાણી લીઓ;
સૂપડાં બાંધ્યાં નાળિયે, ને પાણી ચાલ્યાં વાડીએ.
પાણી ચાલ્યાં રેલંછેલ, પીઓ રે કદનાની કેર;
તાડ ફાડી મેયલાં પાણી, પીઓ તો ઊંચેની કયારી.
જોરે કદના તાડ ચઢી, કયા ગામમાં ધાડ પડી;
ધનોરીમાં ધૂમ છે, માણેકપોરમાં બૂમ છે.
ધનોરી ધનાનું ગામ, માયરું માણેકપોર ગામ.
જે નાઠો બામઠી, તેને માર્યો કામઠી.
જે નાઠો હેરી હેરી, તેને માર્યો ઘેરી ઘેરી.
જે નાઠો તાડને હેરે; તેને માર્યો મારતે ઘોડે.
તરજવા દાંડીનો તોલ, પરવાળાનો છેલ્લો બોલ.

૯૨

સતીને ચડે સિંદૂર, માતાને કમળનાં ફૂલ,
હરમાનને તેલની ધાર, ઈશ્વરને ફૂલની માળ.
હનુમંત છે ઓગણી, માતા છે જોગણી,
ઊંચી રે ભવાની માત, ઊંચા રમે ખેરા ભાઈ.
ખેરા રમે હેરમેર દાંડિયા તો કરે ગેલ
દાંડિયા તો કરે ગેલ, લોહીની ચલાવે ધાર
દે'રામાં તો દેવ છે રામબાઈ માંય છે
માતા માગે બકરો ભવાની માગે કૂકડો
હમરેક ધોરિયા જોઈને, નખે મારે કોઈને
તરજવા દાંડીનો તોલ, પરવાળાનો છેલ્લો બાલ.

૯૩

હવે ગોપી થયા જાણ, પોતીકાં પુરાવે વહાણ
નાના વા'ણમાં કાંઈ ની આવે, સફરી વા'ણ પુરાવે
તાડની તલસાડી આલે, તેમ ગોપીનાં વા'ણ ચાલે
વા'ણે વા'ણે વાવટા, મુલક લાવે સામટા
વા'ણે વા'ણે વાવરી, મુલક લાવે સાંભરી
બાર વર્ષે વા'ણ આવે, કાચું સોનું ભરી લાવે
પૂછે રે ગોપીની નાર, આપણા વહાણમાં શું વખાર
જેવી રે પાલા જુવાર, તેવી રે મોતી વખાર



જેવાં રે દાંટીનાં પડિયાં, તેવાં રે સોનાનાં વાડિયાં.
ધન તો ખોદાવ્યું ઉરને પૂર, તળાવ ખોદાવવા લાગી પૂર
એટલું કહેતાં ચાલી વાત, ઓડિયા લોકો આવ્યા સાથ
જે રે આવ્યા અગાડી ચાલી, તે તો રીયા માંડવા ઘાલી
જે આવ્યા પછાડી ચાલી, તે તો રીયા તંબૂ તાણી.
ઓડિયા રે તું મારા ભાઈ, ખણી ખોદી કરો તૈયાર
ઓડિયાએ તો કર્યું રૂડું, તાપી કરતાં ઊંડું કર્યું
બેઠા તેથી બે મણ લે, ઓ તળાવડી મને રે દે
નાની રે તળાવડી છે, ને વાંસ પૂર પાણી છે
સાહેબનાં તો તળાવ છે, અમારાં તો નામ છે
જીવ જાય તો જવા દેઉં, ઓ તળાવડી નહિ દઉં
એટલું કહેતાં વાર, ગોપી પર કાઢી તરવાર
ગોપી માર્યો હલ્લો કરી, સવા ગજ ધરતી કંપી
રુવે આંબા આંબલી, રુવે ઘરની થાંભલી
તાઈ ને તંબોળી રુવે, રુવે રે ગોપીનાં ગોળી
સુખડના તો લાકડે, ગોપીની તો ચિહા બળે
સવાસો સોપારી બરે, ઉપર ઘીના કુંડ ઢરે
તરાજવા દાંડીનો તોલ, પરવાળાનો છેલ્લો બોલ
થાકયા હોય તો ચરેક કઉં નહિ તો બીજો જવા દઉં

૯૪

દશરથ રાજા અયોધ્યા પતિ, તેનો કુંવર શ્રી રઘુપતિ.
જનક રાયની પુત્રી જે, સીતા નામે કહીએ તે
સાત વરસનાં સીતા બાઈ, નવ વરસના રામભાઈ,
નવ વરસના રામભાઈ, ખડિયો પાટી લઈ ભણવા જાય
સર્વે વિદ્યા પૂરણ ભણ્યા, રામદેવનાં માગાં થયાં.
રામદેવનાં માગાં થયાં ને, સીતા તો મોંઘેરાં થયાં
રામના વેવા જોડાય, લાકડ લેવા રાનમાં જાય
સાગ સોટા લીધા ટાળી, ભલભલી થાંભલી કાઢી
જેને રે ધોરીની જોડ, તે તો મેલે ઊભે રોડ
જેને રે ડોબાંની જોડ, તેનો રહ્યા અર્ધે રોડ
બે પરાણા મારે જોર, બલ ચઢાવે રોડ
બલ આવ્યા હડાક દઈને, જૂસરી ભાંગી તડાક દઈને
હાંકો ઘણા ગામ જાય, આવ્યા અવધપુરી માંય
મંડપ એવો રૂડો કીધો, ચંદરવો ઓઢાવી દીધો
ભલભલા જોષી આવે, ટીપાણું ખોસીને આવે
ટીપાણું ખોલીને જોયું, સીતાનું તો હરણ થયું

એક ચોરી બોલાબોલી, બીજી ચોરી વાગ્યાં ઢોલ
ત્રીજી ચોરી પરણ્યા દાન, ચોથી ચોરી કન્યાદાન
તરાજવાં દાંડીનો તોલ, પરવાળાંનો છેલ્લો બોલ

૯૫

ખત્રી પીપરો બાવન વીર, હાથમાં ભાલો લટકે તીર.
હાથમાં ભાલો લટકે તીર, તેને રાખે સાગન પીર
ખત્રી રે તું મારી માય, હાથ જોડી લાગું પાય
હાથ જોડી લાગું પાય, હાથ પગ હળવા થાય.

૯૬

લખમણ ખોદાવે કૂવો ને સીતા દમણો વાવી દીધો.
સીતા દમણો વાવી દીધો ને ભયરે ખેરે પાણી પીએ,
ભયરે ખેરે પાણી પીએ ને મૃગલો રેંવા ન દીએ.
એક દહાડાનો સમો થાય ને સોનાનો મૃગ ચરી જાય
સોનાનો મૃગ ચરી જાય ને ત્યાં સીતાની નજર ફરી
સમરે તું મારા ભરથાર, મૃગ મારી ચોળી સિવડાવ.
ઘેલી સીતાજી ના ફરી, મૃગની શી કાંચળી?
તેથી રામ રીસે ચઢ્યો, ધનુષ બાણ લઈ નીસર્યો
રામ ચાલે રમતો, મૃગ ચાલે ભમતો
રામ ચાલે ઓરે ઓરે, મૃગ ચાલે જોરે જોરે
ઘૂંટણ પડીને માર્યું બાણ, મૃગલો પાડ્યો નિર્વાણ
મૃગલાની કાવડ હાઈ, ઘેર આવ્યા બંને ભાઈ
ઘેરે આવી જુવે ફરી, સીતાને તો લઈ ગયા હરી
સૂની મઢી સૂનો બાગ, મઢી પર ભમે કાગ
રામ બેઠા ઘરમાં રુવે, પાની ને પગલાં જુએ
રામ રે તું રુવે શું, તારી સીતા લાવું હું
ગામ બધે બીડું ફરે, રામનું બીડું કોણ લહે
છાણાં વીણતી ડોસી માય, લંકાની વાટ ક્યાં રહી જાય
તું શું પૂછે વાનરભાઈ, લંકાની વાટ પાછળ જાય
એક થાય આરપાર, બીજી તો લંકા મોજાર
સીતા માનાં ભોજન દિયો રામનો વાનર ભૂખો થિયો
જા રે વાનર વાડીની માંય, પયડાં વનફળ વીણી ખા
પયડાંની પાસે ની જાઉં, ઊંચેનાં ઇંઢોળી ખાઉં
વાડીમાં વણજ થાય, રાજાને ત્યાં રાવ જાય
બે ચાર જણ જાઓ ધાય, વાંદરને લાવો સાય
ઊંચો મારે નીચો જાય, એ વાંદર તો ની પકડાય
ઘરડે ડોસે માર્યું પાસું વાંદરને ન આવ્યું આંસું



જે આવે તે મારે પાટું, વાંદરને ની લાગે ખોટું
કહે રે વાંદર સાચું કહે, તારું મોત કેમ છે?
ઢીક પાટુંએ મરું નહિ, લોઢાથી સીકે ઠરું નહિ
કોળી કાપડ કોઠી તેલ, પૂછડે વળગાવી મેલ
વાંદર ચાલ્યો ફડાક દઈને, લંકા સળગી ભડાક દઈને
વાંદર ચાલ્યો શેરી શેરી, બળી રે રાવણની પેઢી
વાંદર ચાલ્યો મારી એડી, સળગી રે રાવણની મેડી
વાંદર ચાલ્યો ઊછપૂછ, સળગી રે રાવણની મૂછ
સમુદરિયા તું મારા બાપ, પૂછડું હોલવીને આપ
હું લાખું તે લહરે દઈ, તું લાવજે પૂંછ દઈ
પૂછડું ચોળીને જોયું, હાથ મોઢું કાળું થયું
તરાજવા દાંડીનો તોલ, પરવાળાનો છેલ્લો બોલ
થાકયા હોય તો ચરેક કહું નહિ તો બીજે જોડી દઉં

૯૭

પારણું ઘડી લાવ રે લાલ પારણું રે ઘમ ઘુઘરિયું
પારણું છે મારા દેવનું રે ઘમ ઘુઘરિયું
ભાગિયો માગે ભાગ રે લાલ પારણું રે
લાયવો તો મેલ પેલા ચોકમાં રે ઘમ૦
ન્યાય કરો દીવાન રે લાલ પારણું રે
ભાઈ સુથારી વીનવું રે, ઘમ ઘુઘરિયું
પારણું ઘડી લાવ રે લાલ પારણું રે ઘમ૦
રમશે સઘળા દેવ રે, લાલ પારણું રે ઘમ૦
ભાઈ ચિતારી વીનવું રે, ઘમ ઘુંઘરિયું
પારણું ચીતરી લાવ રે, લાલ પારણું રે ઘમ૦

૯૮

કવિ કહે સાંભળ સર્વે લોક રે
સાત તો વીરાની સોનબાઈ બે'ન જો રે હો
પાંચ વરસની નાનેરી પરણાવી
પરણાવી મેલી લીલાપોર દેશ જો રે હો
પાંચ ને પાંચ દશ વરસ તો થયાં રે
હજુ ના દીઠાં ઘર ને ગામ જો રે હો
હજુ ના દીઠાં મા ને બાપ જો રે હો
વીરાની ઉપર લખ્યો એક જ કાગળ રે
વળાતે વીરાની ઉપર પહોંચજો રે હો

વીરે મારે ખોલીને કાગળ વાંચ્યો હો
કાગળિયાં આવ્યાં સોનબાઈ દેશનાં રે હો
વીરો મારો ભારી શહેરમાં ગયેલો રે
મોસાળું વોર્યું તે આપણી ચીજો
ડુંગરા ઢાળે ઢાળક ઢુંમક થાય રે
લીલા તે પોર કેમ જવાય રે હો
કઈ ચડું ને કઈને ખુવારું રે
કઈ તો શેરીએ વીરો આવશે રે હો
વીરો ઊતરિયો મોગરિયાની છાય રે
માડી તો ઊતરી રે ચંપા હેઠ જો રે
બે'ન તો મારીએ ભોજન બનાવ્યાં રે
સોળ તે શાક ને બત્રીસ પાક જો રે હો.
લવંગ સોપારી ને એલચી મંગાવી રે
પાનનાં તે બીડાં આવ્યાં બનાવી રે હો
ઉગમણી માંચી ને આથમણો બાજઠ હો રે
આંગાકણ ધર્યું ને બે'ની વચ્ચે રે હો
બ્રાહ્મણ સઘડા વેદમંત્ર ભણે રે
વગડાવી મેલ્યાં ઢોલ ઢમકાર જો રે હો

૯૯

પડવા પૂનમનું ચાંદરણું રે રણગંગજી મેળવે ગાય રે
માતા તો ગોરી ચારવા મોકલે રે તેનો દૂધ ને સાકર થાય
ઘેર ઘેરથી ગાયો નીસરી રે તે તો રાનડે ચારવા જાય રે
જતાં ચારાં તે મુદી ઝાંઝવો રે આવ્યાં નાગરવેલ રે
ઢોર ચાયરાં તે ખૂણે ખાંચરે રે ગોઠવ્યાં તે લીંબજીના વાય રે
લીંબજીની છાંય તો લરી ગઈ રે ગોવાળિયા ઢોર ઉઠાડે રે
સોટી મારીને ઢોર ઉઠાડિયાં રે માળાં વગોલતાં જાય રે
દૂઝણ ચાલે તે દૈડા હીમતી રે એનાં લટિયાં મળિયાં મોર રે
દૂઝણને ઘાલજો ગારિયા રે દોનારીનાં તેડાં થાય રે
ખાંધે હેલોને હાથે તાંબડી રે દોનારી તો દોવા જાય રે
ગાય દોહીને ઊઠિયાં રે એના ખાખરા ખીર બનાવે રે
ખાખરા ખીર બનાવીને રે એનાં દેવનાં ભોજન કરાવો રે
દેવનાં ભોજન કરાવીને રે ઉપર છાણના સોવી લગાવો રે
છાણના સોવી લગાવીને રે ઉપર કંકુનો ગારો પુરાવો રે
કંકુનો ગારો પુરાવી રે ઉપર મોતીનો ચોક પુરાવો રે
મોતીનો ચોક પુરાવીને રે ઉપર સિંદૂરી ઓકરી ઢળાવો રે
સિંદૂરી ઓકરી ઢળાવી રે ઉપર ઘેરિયા રાસ રમાડો રે